૪૪૫૯

શ્રી



શ્રીમંતડીનું આખ્યાન,

યાને

સોમવાર વૃત માહાત્મ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

નૌતમરામ બાલમુકનદાસ દેશાઈ.

સુરત

ખોદાબક્ષ પ્રીન્ટીંગ પ્રેસ એમ. જે. પોષ્ટવાલા નાણાવટ.

કીમત બે આના.

સંવત ૧૯૪૬ સને ૧૮૯૦

શુચના

સર્વે વાંચનારી આલમને જાણાવવાની રજા લઉં છું કે આ શ્રીમંતડીની બાળબોધી ચોપડી હમોને એક મલી આવવાથી તે ઉપરથી ગુજરાતી અક્ષરે લખી બનાવી છે.


આ ચોપડી બનાવવાનો માહારી જાતનો આ પેહેલોજ આરંભ છે ને હમોએ હમારા કામ કાજથી જેમ ફુરસદ મલી તેમ લઈ ગુજરાતીમાં રચી પ્રસીધ્ધ કરી છે.


આશા છેકે એમાં કાંઈ ભુલ ચુક હશે તે વાંચનાર ગ્રહુસ્થો દરગુજર કરશો એજ બીજા ભાંદરવા વદી ૮ વાર સોમે સંવત ૧૯૪૬.

શેવક

નોતમરામ બાળમુકનદાશ

દેશાઈ આમોદ જીલ્લે ભરૂચ.





श्रीगणेशायनमः

श्रीमंतडीनुं आख्यान.

સુત કહે શાંભળ ભુદેવ, પ્રીત પુરાણ ભજીએ માહાદેવ,
કારણ વીના પુજે પશુપતી ॥ તે પામે નિશ્ચેસદ્ધ ગતી
વીશે વાસના જે ચીત ધરે ॥ તે પણ સુખ પામે ભવતરે
જેમ જાણો તેમ સેવો ઇશ ॥ જેને સેવેછે શુરક્રોડ તેતરીશ
નીરાકાર નીરંજન એ ॥ નીરામ પદ કહીએ તેહ
શંકર તત્વ જાણો બહુ સાર ॥ અનેક તર્યા ભવસાગર પાર,
પ્રદોશે પુજવા નીરધાર ॥ તેના પુન્ય તણો નહી પાર
સંધ્યા સમે પુજવા અવીનાશ ॥ સોમ દીવસે રહેવું અપવાસ
વાનપ્રસ્થ બ્રહ્મચારી અતી ॥ ગ્રહસ્થને પુંજવા ગીરજાપતી
નાહાની મોટી વરણ અરાડ ॥ સૌકોને પુંજવા વીશ્વાધાર.
વીધવા સીધવા ને કન્યાસાર ॥ શંકર વ્રત કરવું સોમવાર.
સોમ પ્રદોશનો પાર ન લઉં ॥ એ કથા વીસ્તારી કહું.
જે સાંભળતાં અતી સુખ થાય ॥ જન્મ મરણની આરત જાય
સકળ લોકમાં જશ થાય ઘણો ॥ અંતે પદ પામે શીવ તણો.
આર્યા વ્રત દેશે એક ભુપ ॥ પ્રગટ હવો જાણે પુન્ય સ્વરૂપ.
ચતુર શીરોમણી ગુણ નીધાન ॥ ચીત્ર વરમા નામે અવીધાન
દુરબળ દીન તણો પ્રતિપાળ ॥ શતરૂ દુષ્ટ તણો એ કાળ.
હરી, શંકર બેનો વીસ્વાસ ॥ વેદ પુરાણનો કરે અભ્યાસ.
અનેક સ્ત્રી પણ સંતાનજ નહી ॥ વૃધ્ધપણે અતી ચીંતા થઈ
શીવ પુંજા દ્રઢ ચીત્તે કરી ॥ એમ કરતાં થઇ એક દીકરી.
ચીત્રશેન સુખ પામ્યો ઘણું ॥ વંજા દુઃખ ટળ્યું આપણું.
અનેક દેશના ભુદેવ મલ્યા ॥ ગ્રહ જોવાને પુત્રી તણા.

અનેક પેરના દીધા દાન ।। શ્રીમંતડી એવું પાડયું નામ.
બ્રાહ્મણ કહે સાભળ કહું વાત ।। એના ભાગ્ય તણો નહી પાર.
સુંદર રૂપ સુભ લક્ષણ ભરી ।। કટીક્ષાન જાણે કેશરી.
સકલગુણ અપમીત સાર ।। રૂપ લક્ષણ કમળા નીરધાર,
સુભાગ્ય કન્યા એ સાર ।। જાણો લક્ષ્મીતણો અવતાર,
નાના વીધના ભોગવશે ભોગ ।। વ્રત નૌતમજ પતી સંજોગ.
ચતુરપણે દમયંતી સતી ।। ઉભ્યાએ જાણે સરસ્વતી.
અદભુત પુત્ર પ્રસવસે આઠ ।। જાણે અદીતી સુરની માત.
સીતા જેવી શાધ્વી થશે ।। સ્વામી સહીત શીવ પુરમાં જશે.
ચંદ્રકળા અંગે વાધસે ।। મંત્ર ભકતી કરી શીવ શાધશે.
બ્રાહ્મણ કહે રચ્યો છે એક ।। એના ભાગ્યનો કહું છેક.
એવું સાંભળી પ્રીતી પામ્યો ઘણી।। આપ્યા ગજરથ અમરમણી
નીરખે થઇ છોડી મન બાક ।। એક બ્રાહ્મણ બોલ્યો વીપરીત
વચન કહું તે સાંભળ રાએ ।। રખે મનનું વ્યાકુળ થાય.
કર્મમાં લખ્યું તે નીશ્ચે હશે ।। વર્ષ ચૌદમે વીધવા થશે.
એવા વચનસાંભળી દ્વીજ તણું ।। રાજા મન પામ્યો દુ:ખ ઘણું
જેમ જાણે તેમ બોલે લોક ।। ફોકટનો કરવો શો શોક.
કીધું ઇશ્વરનું થશે નીરધાર ।। એમ દ્રઢ મન કરે વીચાર.
પીતા મંદીર શ્રીમંતડી રમે ।। સહીએર એક બોલી તે સમે.
ચૌદ વરસ સુખ પામસો ઘણું ।। પછી દુ:ખ થશે વીધવા તણું.
વીધવા તણું સાંભળીને કરણ ।। જાગ્યની સ્ત્રીને ગઇ તે સરણ.
મીત્રી પોતાની કેહવાય ।। તેને જઇને લાગી પાએ.
હું આવી માતા તમ પાસ ।। વીધવાનું દુ:ખ ટળવાની આશ.
વ્રત ઉપવાશ કહો ઉપાય ।। જે આચરતાં અતી સુખ થાય.
મીત્રી કહે સાંભળ વીનંતી ।। શેવો નીરંતર ગવરી પતી.

શોમ મહેશ વ્રત કરજો શાહી ॥ શેવો શીવ ગીરજા સ્થીર રહી
એવું સાંભળી થઇ રળીઆત ॥ સોમ મહેશ ચીત આણી વાત.
સીવ શકતી પુંજવા નીરધાર ॥ નીમ સહીત માંડયો સોમવાર.
ઘણા દીવસ ત્યાં ગયા વહી ॥ પરણવા જોગ પુત્રી થઇ.
નૈશાદ દેશ તણો ભુપતી ॥ તેની રાણી દમયતી સતી.
ચંદ્રશેન ન્રપનો સુત ॥ ક્ષત્રી ધર્મ પાળે અદભુત.
તેનો સુત ચંદ્રાગદ જાણ ॥ શીર શીરોમણી પુરણ કામ.
તે સંગાતે વીવા મળ્યો ॥ ચીત્રવરમા અતી દુઃખ ભર્યો,
વીધવીધની કીધી પેહેરામણી॥ આપ્યા ગજરથઅમરની॰માણી
અનેક દેશના ભુપતી મળ્યા ॥ કરી [illegible] પાછા ફર્યા.
કુંવર રહ્યા સસરાને ઘેર ॥ મીત્ર સમીત્રની કરવા પેર.
સખા સહીત રમવા નીસર્યા ॥ ક્ષુદ્ર નાવ લઇ યુમના તર્યા..
માહો માંહે કરે ઉપવાદ ॥ આવ્યો પવન સહુ બુડયો સાથ.
હાહાકાર હવો તે તીર ॥ જળમાં પેશી શો જુવે વીર
ચીત્ર વરતાં કાંઠે જઇ રૂવે ॥ મીત્રી નાવે ચડી સઉ જુવે.
મછ વેદી તેડયા તે કાળ ॥ બંને તીરે નખાવી જાળ
કોઇ મુવા કોઇ મધરે ગળ્યા ॥ કોઇ રહ્યા કીચડમાં કળ્યા.
કોઇએક મુકી નીકળ્યા પ્રાણ ॥ કુંવર અલોપ હવો નીરવાણ.
વીસ્મે થયા સૌ સાંભળી વાત ॥ કહે કુંવરની નવ લાધી જાત.
રાજાને લઈ આવ્યા ઘેર ॥ રાણી વીલાપ કરે બહુ પેર.
શીમંતડીને મુર્છા ગત થઇ ॥ શકળ અંગ તણી સુધ ગઇ.
શુધ થઇને કરે વીલાપ ॥ શાહે કરો શંકર મા બાપ.
શીમંતડીએ કર્યો વીચાર ॥ શહગમન કીજે તો સાર.
શહગમનની જાણી વાત ॥ પેરે પેરે સમજાવે તાત.
એક જોતી ચંદ્રાં ગઢ તણો ॥ કટુંબ ચાર રાખેછે ઘણો.

બધવ થઈને કીધો ધર્મ ॥ ઉરદોદૃક પાડી કીધું કર્મ.
એ વાત નૈશધ પુર ગઇ॥ નગ્રી સૌ અતી વ્યાકુળ થઈ.
ચંદ્રસેન દુઃખ પામ્યો ઘણું ॥ શું પાતીક જાગ્યું આપણું.
હવે મારી શીગત થશે॥ પુત્ર વીના નૃપ આસન જશે,
મા બાપ દાદે એ વરણ ॥ દૈવના કીધાં ઉગ્યાં કર્મ.
કાળા ગ્રહ ઘાલ્યા માહારાજ ॥ લીધા ધન વાહન નીધીરાજ.
શતરૂ મનમાં થયો પરસન ॥ જેમ જાણે તેમ પીરસે અન.
ચંદ્રસેન દુઃખ અતીશે ધરે ॥ શત્રુના ગ્રતી થકી દુરબળ ફરે.
રાણીના દુઃખ તણો નહી પાર ॥ પુત્ર વીના ધીક સંસાર.
એ કથા એટલેથી રહી ॥ શીમંતણીની શીગત થઈ.
એ કથાનો કહું વીસ્તાર ॥ પ્રદોશ વૃત કીધા સોમવાર.
વીધવા થઈ દુઃખ પામી ઘણું ॥ તો એ વાત કરે શંકર તણું.
સાચું હતું તે દીજનું કહ્યુ ॥ ચૌદમે વરશે વીધવાપણું થયુ.
નીશ્ચે મન કરી વીશ્વાસ ॥ વ્રત કરે પુજે અવીનાસ.
મીત્રીએ જે ફળ કહ્યુ હતું ઘણું ॥ અનેક પુન્ય શીવપુજા તણું.
એ વાત મનમાં રાખી રાહી ॥ શીવ પુજે છે સ્થીર મન રહી.
જળ ચડાવે તો પાટક ટળે ॥ પીઠ પુંજે તો નવનીધ મળે.
નાના વીધ સુખ પામે સાર ॥ ઘંધ અક્ષત પુંજે નીરધાર.
શુભ વાશના ધુપ દાને હોય ॥ દીપક કાંતી શને નહી કોય.
નૈવેદ નાહાના વીધી ભોગ ॥ તાંબુળે પ્રસવે નહી રોગ.
ધર્મ અર્થ પરીપુરણ કામ ॥ પામે મોક્ષ કરે પ્રણામ.
જાપ કરે અશ્રમાં સીદ્ધી થાએ ॥ તે કારણ પુંજે શીવ રાએ.
હોમ કરે પામે બહુ ધન॥ સુત પુંજે અમર પરસન,
શંકર કેરો કરી વીશ્વાસ ॥ જન્મ તણું દુઃખ કરવા નાશ.
એ કથા એટલેથી રહી॥ ચંદ્રાંગદની સી ગત થઈ.

તે સઘળી વીસ્તારી કહુ ॥ પ્રીત ધરી સાંભળજો સહુ.
અઘાત જળ તણો નહી પાર ॥ મગન થયો ત્યાં રાજકુમાર.
રસાતળ પનગની નાર ॥ દેખી કુંવરને વીસમે થાય.
રૂપ દેખી પામી ઉલ્લાસ ॥ લઈ આવી તીક્ષકની પાસ.
તીક્ષ પુરમાં સોભા ઘણી ॥ સ્ફાટીક ભીત જડયા સુભ મણી.
વાએ વાજંત્ર કનક જાલીઆ ॥ સ્વેત ભોવન મંદીર માળીઆં.
અંબર ભુષણ અંગે ભળ્યા ॥ તેના મુલ્ય નહી જાએ કળ્યા.
રત્ન સીહાંસને સોભા ઘણી ॥ શહુસ્ર ફીણ સોભે શીરમણી.
અનેક ભક્તી કરે તે તણી ॥ વૃધ્ધ બાળક સેવક શીરોમણી.
તેજ પ્રાક્રમ તણો નહી પાર ॥ નાગે દીઠો રાજકુમાર.
રીશ કરી બોલ્યો તેણીવાર ॥ એ બાળકને કોણ લાવનાર.
નીમ સહીત જોડીને હાથ ॥ કહે નાગ કન્યા સાંભળો નાથ.
નાહાવા ગયાતા જમના તીર ॥ ત્યાં દીઠો આ બાવનવીર.
ચપળ નેત્રને સોભા ઘણી ॥ દેખાડવા લાવ્યા તમ ભણી.
આપો આજ્ઞાં તેમ કરીએ ॥ એમ કહી સૌ ચરણે નમે.
તીક્ષતે ક્રોધ તજ્યો તે વાર ॥ સમીપ તેડયો રાજકુમાર.
કોણ પીતા તમો રહોછો કહી॥ કોણ કારણ તમો આવ્યા અહી.
કોણ જાત માત કોણ તમ તણી ॥ ભક્તી કરો કોણ દેવની.
ઇચ્છા હોયતે કહો માહારાજ ॥ રખે રાખો મનમાં લાજ.
કર જોડી નમી ન્રુપ સુત ॥ અનેક સ્તુતી માંડી અદભુત.
કહે ભુપ માંડવ નૈષદગામ ॥ તેનો ન્રુપ નળરાજા નામ.
ચંદ્રશેન નળ ન્રુપનો સુત ॥ ક્ષત્રી ધર્મ પાળે અદભુત.
તેના સુત ચંદ્રાંગત હુઓ ॥ જેને વાત પુછોછો તમો.
ચીત્ર વરમા ઘેર વીવા મળ્યો ॥ દશારીયા ચરવા હું રહ્યો.
સખા સહીત રમવા નીસર્યો ॥ ક્ષુદ્ર નાવ લઈ યમુના તર્યો.

ભાંગ્યું કોટથુંને ફુખ્યા સહી ॥ ભાગ્ય સમે હું આવ્યો અહીં.
હવે કોટી જન્મ અઘનાશ ॥ નાગ કન્યા લાવી તમ પાસ.
અપુર્વ દીઠા મહારાજ ॥ કાયા કૃતાર્થ થયા હમ આજ.
જે દીઠાંથી સર્વ દુઃખ ટળે ॥ પુર્વ પુન્યે ફળ આવી મળે.
એવું કહીને લાગ્યો પાય ॥ વળતી બોલ્યો દીક્ષત રાય.
કોણ દેવને અધીકો ગણી ॥ પ્રેમ ભકતી કોણરે તણી.
જે દેવ ભજતાં ભવ દુઃખ સમે ॥ એવા કોણ સેવોછો તમે.
વળતી બોલ્યો રાજકુમાર ॥ હું ભજુંછું વીશ્વાધાર
જેને આસંગે તેજ અવતાર ॥ રાજય કતથી કરે અંગીકાર.
ચર અચરને સરજે જેહ ॥ અદ અનાદ શીવ સેવુ તે.
તે વીશ્વંભર નામે કહેવાય ॥ કમળા જેના સેવે પાય.
સાત્વીકગુણ વૈકુંઠધામ ॥ તેના પ્રભુને કરૂં પ્રણામ.
રૂપરૂપે તામસગુણ ધરે ॥ પ્રલે સ્થાવર જંગમને કરે.
નીરાકાર નીરંતર બ્રમ ॥ રૂપ અરૂપ વર્જીત સૌક્ષ્મ.
શંભુછે તે તેજ પ્રકાશ ॥ અમર તણા તે પ્રભુ અવીનાશ.
વાસુકી દીક્ષત ધરે આભુષણ ॥ પ્રેમે પ્રીત કરે બહુ વર્ણ
હરનીશ અમર કરે શઠ! શેવ ॥ અધીક નામ જાણું માહાદેવ.
એવી વાત પનંગવરે સુણી ॥ આપ્યા સુગંધ કુશુમજ મણી
શીવ શેવક જાણી અભીધાન ॥ ચંદ્રાંગદ પ્રત્યે બોલ્યો વાણ.

ચંદ્રાંગદોવાચ શ્લોક.

यन्मुर्ध्नि लब्धतनयासुर लोक ॥ सिंधुर्यस्यो कणाभगवती जगदंबीकाच ॥
यत्कुंडले तवहत्वा सुकीप्रसन्न परीदीर्घा सनमाना॥

આસન માન દીધા પ્રસનજ થઇ ॥ અનેક પનગ બહુ કરે સ્તુતી

માહાદેવે સુત હરદેવ કહે ।। નૃપ ઊગાર્યો ગીરજાવરે.

ચાલ ફેરી છે.

સુત બોલીયા રે ।। શૌનક રૂષી શ્રવણે ધરે પ્રીત પુર્વક રે
શંકર વ્રત પુંજા કરે ૧ શીવ શેવોરે ।। મનવાંછીત ફળ દેશહી
શીવ ભકતને રે ।। ત્રીવીધ તાપ નડે નહી ।। ૨ શ્રીમંતણી રે
ચંદ્રાંગદની યુવતી ।। તેણે પુંજયા રે ।। પ્રદોશે ગીરજા પતી ૩
શીવ શેવ્યાથી રે ।। મહીમાથી નૃપ ઊગર્યો,
દુઃખ સાગર રે ।। ચંદ્રાંગત પુરાણ ભર્યો.
નાગ તીક્ષકે રે ।। આદરભાવ કીધા ઘણા,
કંઠે આરોપ્યા રે ।। અમુલ હાર અતી શોહામણા, ૫
એમ બોલ્યા રે ।। વર માગો મન ભાવતા,
જાણ્યું નહીં રે ।। શીવ સેવક અહી આવતા. ૬
જો જાણુત રે ।। તો સામા આવત સહી.
સુખ ભોગવો રે ।। મણી શોભીત મંદીર રહી ૭
રોગ સોકનું રે ।। તસ્કર વરજીત પુર સદા,
કલ્પ તરૂવર રે ।। મન વાંછીતફળ દે સદા ૮ શ્લો.

तक्षक ध्यासोस्माक मेक।। गतीरघे शसांक मौली.

અગ્રીત વહેછે રે ।। પુર્વ વાવ સોહામણી,
નાગ કન્યા રે ।। પ્રેમ પ્રીત કરશે ઘણી ૯
રોગ દુઃખની રે ।। ન જાણે સંભાવના.
અંગે ચરચો રે ।। શીતળ ચંદન વાવના ૧૦
નીશ્ચળ થઈ રે ।। ચીંત્યા સઘળી પરહરો,
ભાવે ભાવતા રે ।। વેદ ભોગ નીત્યે કરો ૧૧
એવું સાંભળી રે ।। વળતી બોલ્યા નૈશદપતી,

સ્વામી સાંભળજો રે ॥ સત્ય કહું એક વીનતી ૧૨
અમ નારી રે ॥ શ્રીમતાણી વ્યાકુળ અંગે.
તે તો પરાણી રે ॥ સસરા મંદીર હવે જશે ૧૩
પતી વરતા રે ॥ નારી સીરોમણી છે સતી.
સોમવારે રે ॥ પ્રીતે પુજે ગીરિજાપતી ૧૪
અમ ઉપર રે ॥ સસરો સ્નેહ રાખે ઘણો,
કરો કરૂણા રે ॥ પુરો મનોરથ અમ તણો ૧૫
દુઃખ ઉપન્યુ રે ॥ વંશ છે માત પીતા તણું,
હવે શું રહીએ રે, દુઃખે દાઝે ઘણું. ૧૬
એવુ સાંભળી, તીક્ષત પ્રીત પામ્યો ઘણી,
તો લે પુરૂં રે, એક ભાર આપ્યા મણી. ૧૭
મન વેગી રે, અશ્વ એક આપ્યો ભલો,
સેવક કરીને રે, એક રાક્ષસ સંગે મોકલ્યો ૧૮
એક નાગને રે, તીક્ષકે કીધા વીનતી
શાને કારણ રે, સંગે રમો જાડાં ભ્રાતી. ૧૯
વર આપ્યો રે, સકળ લોકમાં જશ હશે,
શત્રુ દળ રે, તમને દેખી નાસશે ૨૦
ચંદ્રાંગદ રે. રજા માંગીને નીસર્યા.
માણી અમરે, ભાર રાક્ષસને શીર ભરો ૨૧
સંગે નાગ છે રે, જમના કાંઠે આવી રહ્યા,
ત્યાં દીઠો રે, અતી ઉલટ મનમાં થયો. ૨૨
અશ્વ છુટીને રે જમના તીરે ક્રીડા કરે,
નર રૂપે રે એક રાક્ષસ પનગ ફરે ૨૩
તે દીસે રે. સોમ પ્રદોષ આવ્યો શાહી,
ત્યાં નાહવા રે, શ્રીમતાણી આવી રહી, ૨૪

નર દીઠો રે, ઉત્તમ અશ્વ નચાવતો,
કે કંઈ એક રે, એ નર મે દીઠો હુતો. ૨૫
વીસ્મે થઇ રે, શાહીઅર ને કેહે વીનતી,
રૂપ લક્ષણે રે, જાણે ચંદ્રાંગદ ભુપતી. ૨૬
એવું કહીને રે કામ બાણે વ્યાકુળ થઈ,
કરમ કેરા રે, લેખ લખ્યા મિટે નહી ૨૭
રંકને કર્મે રે, રત્ન અમુલ્ય છાજયું નહી,
એવું કહીને રે, ચીત્યા મન ઊત્પંન થઈ. ૨૮
ત્રણ વરશે રે, અનુપમનર આવ્યા ફરી,
સોભાગનું રે, એક લક્ષણ દીસે નહીં. ૨૯
કંઠે ભુષણ રે, તીલક અંજન શોભા ટળી,
વ્રત શોકે રે, શરીર તન દાઝ્યું વળી, ૩૦
લટ છુટી રે, મુસ્તક રૂપ ગુંથ્યા વીના,
મુખ પ્રાકુર રે, અતી દુઃખ દેખી અંગના ૩૧
દુઃખ પામ્યો રે, અશ્વ મુકી અળગો થયો,
પગે ચાલીને રે, શ્રીમંતાણી પાસે ગયો. ૩૨
એમ બોલ્યોરે કોણ જાત છે તમ તણી,
દેહ દુઃખ બળે રે પ્રથમ કાંતી હતી ઘણી. ૩૩
લજ્યા પામી રે મધુર વાકય શ્રવણ ધરી,
શાખીને કહે રે માંડી વાત અમતણી. ૩૪
શાખી કહે સાંભળો રે, વાત એની હું કહું,
નૈશઠ પતીરે ચંદ્રસેનની એ વહુ ૩૫
ચંદ્રસેનનોરે, કુંવર ચંદ્રાગદ ભલો,
રૂપ લક્ષણે રે; નજાએ કોણે કળ્યો. ૩૬
તેની નારી રે, નામ તેનું જાણો તમો,

દીન પ્રત્યે રે, વીપ્ર જમાડી પોતે જમે. ૩૭
એનો સ્વામી રે, સસરો મંદીર નીત્ય રમે.
તે તો મુર્ચ્છીત રે, મનના બળ કોઈ એક સમે. ૩૮
વરસ ચૌદમે રે, શીવના દુઃખ પામી ઘણું,
તોએ ન મુકે રે, સોમવાર વ્રત શંકર તણું. ૩૯
શીવશક્તીને રે, નીત્ય પુજે સંધ્યા સમે,
પર પીસને રે, વસ્ત્ર ભુષણ આપી નમે. ૪૦
ચાંદ્રસેનનંદ રે, જે કહાડે દુઃખ દીધું ઘણું,
માત તાતને રે, બંધનમાંથી ધન સુખ હરીયું. ૪૧
બંધનમાં રહી રે, વાંધેત થતા ઉદર ભર.
ચાંદ્રાં ગદ રે, કાર નીત્ય સાંભરે. ૪૨
ધ્રુત જાણીને રે, તીરથ નાવા આવી હતી,
એમ માંડી ને રે કહી એની સઘળી ગતી. ૪૩
નારી જાણી રે, લાગી ભ્રાંતી સરવે ચીતની,
દુઃખ પામી રે, વળતી બોલી શ્રીમતણી. ૪૪
કોણ કારણ રે, વાત પુછો છો સ્નેહ ઘણા,
તમે નર નહીં રે, અમ્મર જાત સુત કોણ તણા ૪૫
યક્ષ રાક્ષસ રે, કોણ સંગે આ બે જાણા,
ગુણ આગર રે, અતી નવલ શોભામણા. ૪૬
સ્નેહ બોલ્યા રે, દુરબળ જાણ્યા કેમ કરી,
ક્યાંથી આવ્યા રે, કોણ દેશ જાઓ ફરી. ૪૭
એવું કહીને રે, સ્નેહગી આંખે આસુ ભર્યા,
પ્રીત પુરવક રે, સ્વામી લક્ષણ સૌ સાંભળ્યા. ૪૮
કંઠ બાંધ્યા રે, મુખ્યા આજુબોલી રહી.
મુર્છા થઈ રે, શરીર શુધ્ધ સઘળી ગઈ. ૪૯

વશુધા ઉપર રે, પડતાં શામી એકર ધરી,
ચંદ્રાગદ રે, પ્રીત દીઠી ત્યાં આ કરી. ૫૦
મોહ પામ્યો રે, ઘટીકા બે વ્યાકુલ થયો,
ધીર ધરીને રે, પ્રેમ બોધ સ્રીને કહયો. ૫૧
કર ફેરવી રે, મુખ બોલ્યો સાંભળ સતી,
સોમવારે રે, તમોએ પુંજયા પશુ પતી. ૫૨
તેણે કીરતી રે, શકળ લોક તારી થઈ,
દીન બે પછી રે, નીજપતીને મળશો શહી. ૫૩
નર રૂપે રે, સકળ લોકમાં ફરીએ અમે,
તમારો સ્વામી રે, દીઠો હતો કોઈ એક સમે. ૫૪
તુજ પાશે રે, રહેવા તે ઇચ્છે ઘણું,
દીન થોડે રે, શુખ થશે સ્વામી તણું. ૫૫
શીવ શેવો રે, અંતર પ્રેમે ચીત ધરી,
એવુ કહીને રે, સ્વારી શીઘ્રે કરી. ૫૬
અશ્વ ચડીને રે, નૃપવર તાંહાંથી સંચર્યો,
નાગરાક્ષસ રે, અતી ઉલટ અંગે ભર્યો. ૫૭
સુભ અમર રે, ચંદન પુસ્પ શોભે શહુ,
જેની વાસના રે, દશદીશા વ્યાપી બહુ ૫૮
તાત દેશની રે, વાડી મધ્ય જઈ ઉતર્યો,
ભર જોબન રે, કનક કળશ શોભા ભર્યો. ૫૯
લોક નગ્રના રે, ચીત્ર વરમાં પાસે ગયા,
વધામણી રે, લેવાને શૌ તત્પર થયા. ૬૦
લોક નગ્રના રે, નારી સઉ ટોળે મળી,
નારી મળી રે, શ્રીમંતણી પાસે ગઈ. ૬૧
એમ બોલી રે, કહોની બેન કાંઈ વાતડી,

કઇ દીઠો રે, ચંદ્રાંગદ વસુધા પતી. ૬૨
સઉ સાંભળો રે, નામ થયો તે કેમ મળે,
દઈત રાક્ષસ રે, કોણ અમરમાં એ ફરે. ૬૩
બે વરણ રે, મેં લક્ષણ જાણ્યા શાહી,
નર નીશ્ચે રે ચંદ્રાંગદ વીના કો નહી. ૬૪
કોણ જાણે રે, કાહાંથી આવ્યો ને કાંહાં ગયો,
મન મધ્યે રે, અદભુત એ સંદેહ રહયો. ૬૫
શુ જાણી એ રે, ઇંદ્રે જાળવીયો હશે,
શીવ વ્રતથી રે, વીપ્ર વાણી સાચી થશે. ૬૬
આઠ બાળક રે, એક કન્યા તેને કરી.
વ્રત જાણીને રે, સંકરે માયા મોકલી. ૬૭
શુ થાશે આંએરે ॥ ન જાએ કોને કળી ॥
એવું કહીને રે, શ્રીમંતણી નાવા ગઈ ૬૮
હવે સાંભળોરે ॥ કુંવરતણીજે ગત થઈ.
શાણગારીનેરે ॥ એક રાક્ષસ તેણે મોકલ્યો. ૬૯
માહા બળીઓ રે માયાવીદેશે ઘણો.
પુરમાં ગયો રે રાક્ષસને કોઇયે નવ ઓળખ્યો ૭૦
એમ બોલ્યો રે ન્રપ નીંભે રહેતા રખે.
રાતરૂ થઇનેરે ॥ ભુપતીને વારૂ કરીયું ॥ ૭૧
માત તાતનેરે ॥ બંધન કરી શુખ હરીયું ॥
તેનો કુંવરરે ॥ ચંદ્રાગદ આવીઓ ફરી ॥ ૭૨
તેની સેવા રે, તીક્ષક નાગે કીધી ઘણી.
તેણે આધાર રે. કનક કુસુંભ આપ્યામણી. ૭૩
ચંદ્રશેનને નમ્યો રે, ભકતીકરી ચરણે ઘણી.

રાજ મુકીને રે, સજ ખોળો જાગ રહેવાતણી. ૭૪
ઘર સાથે રે કુશળ ધરો મનવાંછના.
થાઓસીગ્ર રે. કરો કુંવરની ઉપાસના. ૭૫
યુદ્ધ કેરી રે, જો ઇચ્છા રાખોતમો.
થાઓ સીગ્ર રે તત્પરથઈ આવીઆ હમો. ૭૬
એવું સાંભળી. રે, દેહેધ્રુજે થાય આકળો.
શૌસજન કહે રે, ચંદ્ર સેનને જઈ મળો. ૭૭
એવું સાંભળી રે ચંદ્રસેન પાસે ગયો,
બંધ છોડીને રે, કરજોડી ઉભો રહયો ૭૮
ચરણ વંદે રે, પ્રીતકરી એવુંજાણ તમો.
એમ બોલ્યા રે, અમે અપ્રાધ કીધા ઘણો. ૭૯
માત તાત છો રે, અન્યાય હમારો શાંકજો.
ચંદ્રાંગદ રે, કુંવર વરત કરી રાખજો. ૮૦
વણ આશ્રમ રે, શૌકો શુખ પામી ઘણું.
ગીત ગાયછે રે, ઘર ઘર વધામણું. ૮૧
શ્રી બ્રાહ્મણ રે, રાજ તેજ શોભા ઘણો.
ચંદ્ર સેનને રે, મુસ્તક છત્ર શોહયામણો. ૮૨
વાજા વાગે રે, શરણાઈ શોહામણા.
નાચે અપચ્છરા રે, વીપ્રશબ્દ શોહામણા. ૮૩
ગુરૂમીત્રી રે, નગ્રલોક શૌસા મોગયા.
રાજ પુત્રને રે, ભેટીને મન આનંદથયા, ૮૪
પંચ શબ્દો રે, વાજીંત્ર નોબત ગરગડે.
સુભ જોગે રે, રાજ કુંવર અશ્વે ચડે. ૮૫
રાજ મારગ રે, કુંવર પધારો તમે.
કરજોડીને રે, જંનપતી રાણી પ્રેમે નમે. ૮૬

ભાટ ચારણ રે, ઊત્તમ જશ મુખે ઊચરે;
વ્રધ્ધ બાળક રે, પ્રીત પુરવક શંગે ફરે. ૮૭
માત તાતને રે, યથા ચોગ્ય ચરણે નમે,
તેના મન તણા રે, ત્રીવીધ તાપ તતક્ષણ હણે. ૮૮
ન્રપને મુરછા થઈ રે, મુખ બોલ્યાની શુધ્ધી ગઈ,
સુતને ભેટતાં રે, રાજા મન વીસ્મે થઇ ૮૯
જોશ પંડીત રે, રાજશભા બેઠાશહુ,
તે દેખતાં રે, પુત્રે વાત કીધી બહુ, ૯૦
નાગ તીક્ષક રે, પરમ ભક્તી કીધા ગણી,
તેણે આપ્યા રે, કનક કુસુબ અમર મણી. ૯૧
શુગંદ થકી રે, પુસ્કળદેસ પીમળ હવો,
સઉ જાણ કહે રે, એ શોરમ દીસે નવો. ૯૨
મણી અમ્મર રે, દેખીને સઉ વીસ્મે થયાં,
તને અદભુત રે, સઉ કોએને ત્રમીચીયા. ૯૩
ચંદ્રસેનનને રે, હરખ પુરણ આંસુ પડે,
કહેને સાચું રે, અથવા સ્વપ્ન એમ ઓચરે. ૯૪
મીત્રી સરવ રે, સમજાવે નઈસદ પતી,
ચંદ્રસેન કહે રે, કુળવંતી વહુ પામ્યો સતી. ૯૫
તેને પુન્યે રે, મગન પુત્ર હમને મલ્યો.
એવું કહીને રે, એક શેવક ત્યા મોકલ્યો. ૯૬
ચીત્ર પુરમાં રે. મંદીર કેહેવા વધામણી.
એવુ સાંભળીરે, હરખ પામી શ્રીમંતણી. ૯૭
તે સેવકને રે, આપ્યા ચીત ભાવતા મણી.
મણી અમર રે, અંગે આભુશણ શોહામણા ૯૮
શોભા ઘણી રે, પુરાણ જોઈ રાખે દીકરી